ખુબજઅગત્યનું.
ટોચઅગ્રતા.

ક્રમાંક/ડીએ/ગુડઝવાહન/ઓવરલોડ/ ૯૦૮૩૧
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ડો.જીવરાજ મહેતા ભવન,બ્લોક નં.૬
બીજે માળ, ગાંધીનગર.
તા. -૧૨-૨૦૧૫.

21 DEC 2015

પ્ર તિ,
સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી,
તમામ.

વિષય:- ગુડઝ વાહનોમાં ઓવરલોડ માલ ભરવાના ગુના સામે પગલાં.
સંદર્ભ:-(૧) અત્રેનો પરિપત્ર ક્રમાંક-ડીએ-ગુડઝવાહન-ઓવરલોડ-૮૫૨,તા.૪-૨-૨૦૧૫.
(૨)અત્રેનો પરિપત્ર ક્રમાંક-ડીએ-ગુડઝવાહન-ઓવરલોડ-૨૬૩૫,તા.૪-૪-૧૫.

ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુડઝ વાહનોમાં લઇ જવાતાં ઓવરલોડ માલને કારણે રાજયના રસ્તાઓને ખુબ નુકશાન થાય છે. અને સલામતીને પણ ગંભીર જોખમ ઉભુ થાય છે. નામ.સુપ્રિમકોર્ટે મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ ની જોગવાઇઓનું ચુસ્ત પાલન કરી ઓવરલોડ માલનું પરિવહન અટકાવવા આદેશ આપેલ છે. ઓવરલોડ માલનું પરિવહન અટકાવવા રાજય સરકારે ઘણા પગલાં લીધા છે. તેમ છતાં આ ગુન્હાઓને વધુને વધુ નિયંત્રણમાં લાવવાની જરુરીયાત લક્ષમાં લઇ અત્રેથી સંદર્ભ-૧ અને ૨ થી સંકલીત સૂચનાઓ આપવામાં આવી હતી. આ બંને સૂચનાઓની નકલો બીડાણ-૧ અન ૨ થી સામેલ છે. આ સૂચનાઓ પૈકીની મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ ની કલમ-૫૩(૧)(બી) હેઠળના માલવાહક વાહનનાં રજીસ્ટ્રેશન સસ્પેન્શન કરવાના પગલાં લેવાની સૂચનાનાં અનુસંધાને નામ.ગુજરાત હાઇકોર્ટે એસસીએ નં.૧૨૫૯૩/૨૦૧૫, ૧૨૫૯૪/૨૦૧૫, ૧૪૨૮૨/૧૫ તથા ૧૯૭૪૦/૨૦૧૫ અંતર્ગત આપેલા હુકમો લક્ષમાં લેતાં, ઓવરલોડ માલના પરિવહન સામે મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ ની જોગવાઇઓ તથા અન્ય કાયદાકીય જોગવાઇઓ અનુસાર સખ્ત કાર્યવાહી થાય અને નામ.હાઇકોર્ટનાં આદેશનું પણ પાલન થાય તે હેતુથી સંદર્ભ-૧,૨ હેઠળ કરવામાં આવેલ અગાઉના પરિપત્રોમાં આપવામાં આવેલ સૂચનામાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે.

:૧: સંદર્ભ-૧ અને ૨ હેઠળના પરિપત્રોમાં આપવામાં આવેલ સૂચનામાંથી કલમ-૫૩(૧)(બી) હેઠળ રજીસ્ટ્રેશન સસ્પેન્ડ કરવાની સૂચના આથી રદ્ કરવામાં આવે છે.

:૨: બાકીની તમામ સૂચનાઓ યથાવત રહે છે.

:૩: ઓવરલોડ માલવાહક વાહનોને અટકાવી, મેમો આપી, ઓવરલોડ માલ ખાલી કરાવ્યા બાદ જ અને કલમ-૧૯૪/૨૦૦ મુજબની કાર્યવાહી પુર્ણ કર્યા બાદ જ વાહનને આગળનો પ્રવાસ કરવાની મંજુરી આપવાની રહેશે.

:૪: રજીસ્ટ્રીંગ ઓથોરીટી પોતાની વિવેકાધિન સત્તાની રૂઇએ ઓવરલોડેડ વાહન પકડાય ત્યારે વાહન માલીકને સાંભળવાની તક આપી, ઓવરલોડ માલ ખાલી ન થાય ત્યાં સુધીના સમય પુરતું કલમ-૫૩(૧)(એ) હેઠળ વાહનનું રજીસ્ટ્રેશન સસ્પેન્ડ કરી શકશે.

:૫: ઓવરલોડ ગુન્હાઓ સામે સખ્તાઇથી અમલ કરવા દરેક કચેરીમાં દરેક આરટીઓશ્રી, એઆરટીઓશ્રી, એઆઇએમવીશ્રી તથા આઇએમવીશ્રીને દર અઠવાડીએ ઓવરલોડ વાહન પકડી, મેમો આપી, ઓફલોડ કરવાના ટાર્ગેટ આપવાના રહેશે અને તેની જાણ અત્રે કરવાની રહેશે.

:૬: ઓવરલોડ સામે કરેલ કામગીરીની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવું.

નોંધ પર માન.કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

ખાસ ફરજ પરના અધિકારી,
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજય,ગાંધીનગર.

Akhil Guja... ...uck Transport Association

Akhil Gujarat Truck Transport Association

12-1-16

:પુરબિયા:૫૦:૪૪: